તમે તમારા એકાઉન્ટમાં સાચવેલી પ્રવૃત્તિ વિશેની માહિતી શોધવા અને સંચાલિત કરવા માટે તમારા Google એકાઉન્ટની મુલાકાત લઈ શકો છો.

Google એકાઉન્ટ પર જાઓ

## તમારી સ્થાન માહિતી

જ્યારે તમે અમારી સેવાઓનો ઉપયોગ કરો ત્યારે અમે તમારા સ્થાન વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ, જે તમારા વીકેન્ડ ગેટવે માટે ડ્રાઇવિંગ દિશાનિર્દેશો અથવા તમારી નજીકના સિનેમા ગૃહમાં લાગેલી મૂવી માટે શોટાઇમ જેવી સુવિધાઓ ઑફર કરવા કરવામાં અમારી સહાય કરે છે.

તમારું સ્થાન નિમ્નલિખિત દ્વારા વિવિધ ચોક્કસતા ડિગ્રી વડે નક્કી કરી શકાય છે:

- GPS દ્વારા
- IP સરનામું
- તમારા ઉપકરણના સેન્સર ડેટા દ્વારા
- તમારા ઉપકરણની નજીકમાં હોય એવી વસ્તુઓ વિશેની માહિતી, જેમ કે વાઇ-ફાઇ ઍક્સેસ પૉઇન્ટ, સેલ ટાવર અને જેમાં બ્લૂટૂથ ચાલુ હોય એવા ઉપકરણો

અમે એકત્રિત કરીએ છીએ તે સ્થાન ડેટાનો પ્રકાર તમારા ઉપકરણ અને એકાઉન્ટ સેટિંગના ભાગના આધારે હોય છે. ઉદાહરણ તરીકે, ઉપકરણની સેટિંગ ઍપનો ઉપયોગ કરીને તમે તમારા Android ઉપકરણનું સ્થાન ચાલુ અથવા બંધ કરી શકો છો. જો તમે તમારા એકાઉન્ટમાં તમારી સ્થાન માહિતી સાચવવા અને સંચાલિત કરવા માગતા હોય, તો તમે સ્થાન ઇતિહાસ પણ ચાલુ કરી શકો છો.

---

અમુક પરિસ્થિતિઓમાં, Google પણ સાર્વજનિક રૂપે ઍક્સેસિબલ સ્રોતોમાંથી તમારા વિશેની માહિતી એકત્રિત કરે છે. ઉદાહરણ તરીકે, જો તમારા સ્થાનિક સમાચારપત્રમાં તમારું નામ દેખાય, તો Googleનું શોધ એંજિન તે લેખને અનુક્રમિત કરી શકે છે અને અન્ય લોકો તમારું નામ શોધે તો તેમને તે બતાવી શકે છે. અમે અમારા વ્યવસાયના સંભાવિત ગ્રાહકો વિશે અમને માહિતી પ્રદાન કરતા હોય એવા માર્કેટિંગ ભાગીદારો અને જેઓ અમને દુરુપયોગ સામે રક્ષણ કરવા માહિતી પ્રદાન કરતા હોય તેવા સુરક્ષા ભાગીદારો સહિતના, વિશ્વસનીય ભાગીદારો તરફથી તમારા વિશેની માહિતી એકત્રિત કરીએ છીએ. અમે જાહેરાતકર્તાઓ વતી જાહેરાત અને સંશોધન સેવાઓ પ્રદાન કરવા માટે તેમના તરફથી પણ માહિતી પ્રાપ્ત કરીએ છીએ.

તમારા વિશે ટૅબ પર જાઓ

### મિત્રોથી ભલામણો

જાહેરાતોમાં દેખાય છે તે રિવ્યૂ અને સુઝાવો જેવી તમારી પ્રવૃત્તિની બાજુમાં તમારું નામ અને ફોટો બતાવવા કે નહીં તે પસંદ કરો.

મિત્રોથી ભલામણો પર જાઓ

### તમે આદાનપ્રદાન કરો છો તે માહિતી

તમે Google+ પર તમારા એકાઉન્ટ મારફતે કોની સાથે માહિતી શેર કરો છો તે નિયંત્રિત કરો.

તમે શેર કરો તે માહિતી પર જાઓ

## તમારી માહિતીનું રિવ્યૂ અને અપડેટ કરવાની રીતો

### મારી પ્રવૃત્તિ

મારી પ્રવૃત્તિની મદદથી તમે Google સેવાઓનો ઉપયોગ કરતી વખતે, જેમ કે તમે કરેલી શોધ અને તમારી Google Playની મુલાકાતો વખતે બનાવેલ ડેટાનું રિવ્યૂ અને તેને નિયંત્રિત કરી શકો છો. તમે તારીખ અને વિષય દ્વારા બ્રાઉઝ કરી શકો છો અને તમારી થોડી અથવા બધી પ્રવૃત્તિને ડિલીટ કરી શકો છો.

મારી પ્રવૃત્તિ પર જાઓ

### Google ડૅશબોર્ડ

Google ડૅશબોર્ડની મદદથી તમે વિશેષ પ્રોડક્ટ સાથે સંકળાયેલ માહિતીને સંચાલિતસંચાલિત કરી શકો છો.

ડૅશબોર્ડ પર જાઓ

### તમારી વ્યક્તિગત માહિતી

તમારી સંપર્ક માહિતીને સંચાલિત કરો જેમ કે તમારું નામ, ઇમેઇલ અને ફોન નંબર.

વ્યક્તિગત માહિતી પર જાઓ

જ્યારે તમે સાઇન આઉટ કરેલ હોય, ત્યારે તમે નીચે આપેલ સહિત, તમારા બ્રાઉઝર અથવા ઉપકરણ સાથે સંકળાયેલ માહિતીને સંચાલિતસંચાલિત કરી શકો છો:

અમે તમારી માહિતીની પ્રક્રિયા અમારા કાયદેસર હિતો અને તમારી ગોપનીયતાનું રક્ષણ કરતી યોગ્ય સુરક્ષાઓ લાગુ કરતી વખતે તૃતીય પક્ષોના જે હોય તે હિતો માટે કરીએ છીએ. એટલે અમે અહીં આપેલ જેવી વસ્તુઓ માટે તમારી માહિતીની પ્રક્રિયા કરીએ છીએ:

- અમારા વપરાશકર્તાઓની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અમારી સેવાઓ પ્રદાન કરવા, જાળવવા અને બહેતર બનાવવા માટે
- અમારા વપરાશકર્તાઓ માટે ઉપયોગી હોય એવી નવી પ્રોડક્ટ અને સુવિધાઓના વિકાસ માટે
- અમારી સેવાઓના કાર્યપ્રદર્શનની ખાતરી કરવા અને તેને બહેતર બનાવવા લોકો અમારી સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરે છે સમજવા માટે
- તમને બહેતર વપરાશકર્તા અનુભવ પ્રદાન કરવા અમારી સેવાઓને કસ્ટમાઇઝ કરવા
- વપરાશકર્તાઓને અમારી સેવાઓ વિશે જાણવવા માર્કેટિંગ માટે
- અમારી ઘણી ખરી સેવાઓને વપરાશકર્તાઓ માટે મફતમાં ઉપલબ્ધ કરાવી શકીએ તે માટે જાહેરાતો પ્રદાન કરવા
- છેતરપીંડી, દુરુપયોગ, સુરક્ષા અથવા અમારી સેવાઓમાં તકનીકી સમસ્યાઓ શોધવા, અટકાવવા અથવા હલ કરવા માટે
- કાયદા દ્વારા આવશ્યક અથવા મંજૂર Google, અમારા વપરાશકર્તાઓ અથવા કાયદાની જરૂરિયાત અથવા મંજૂરી મુજબ લોકોના અધિકારો, સંપત્તિ અથવા સુરક્ષાના નુકસાન સામે રક્ષણ કરવા માટે
- અમારા વપરાશકર્તાઓ માટે અમારી સેવાઓને બહેતર બનાવે અને લોકોને લાભ પહોંચાડે તેવા સંશોધનો કરવા માટે
- ડેવલપર અને અધિકાર ધારકો જેવા અમારા ભાગીદારોના બંધનકારક કરારની પૂર્તિ કરવા માટે
- લાગુ સેવાની શરતોના સંભવિત ઉલ્લંઘનની તપાસ સહિત, કાનૂની દાવા લાગુ કરવા માટે

## જ્યારે અમે સેવા પ્રદાન કરતા હોય ત્યારે

તમે કરાર હેઠળ માગી હોય એવી સેવાઓ પ્રદાન કરવા માટે અમે તમારા ડેટાની પ્રક્રિયા કરીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે તમે Google ડ્રાઇવ માટે વધારાનો સ્ટોરેજ ખરીદો ત્યારે અમે તમારી ચુકવણીની માહિતીની પ્રક્રિયા કરીએ છીએ.

## જ્યારે અમે કાનૂની બંધનકારક કરારોનું પાલન કરતા હોય ત્યારે

અમે તમારા ડેટાની પ્રક્રિયા ત્યારે કરીએ છીએ કે જ્યારે અમારે કાનૂની બંધનકારક કરારના ભાગ રૂપે આમ કરવું પડે, ઉદાહરણ તરીકે, જો અમે કાનૂની પ્રક્રિયા અથવા અમલ યોગ્ય સરકારી વિનંતીનો પ્રતિસાદ આપી રહ્યાં હોય.

